૫૬૦૭

श्रीमन् महाकवि भर्तृहरि कृत

# नीतिशतक.

તેનું

ગુજરાતી પદ્યમાં

ભાષાંતરકર્તા

## જગજીવન ભવાનીશંકર કાપડીઆ,

"પ્રશિયન કલશ," "સુઘડ કાકી," "કાલિદાસની નાટકકથા," "વૈરાગ્યશતક," "સોક્રેટીસ," વગેરેનો લખનાર.

આવૃત્તિ બીજી.

અમદાવાદ—આર્યોદય પ્રેસમાં છાપ્યું.

સંવત્ ૧૯૫૦.—સન ૧૮૯૪.



કિમ્મત પાંચ આના.

To

J. G. BUHLERI, ESQUIRE, Ph. D.,

**EDUCATIONAL INSPECTOR, N. D.,**

&c. &c. &c.

**In token of deep respect**
**for his great zeal**
**and endeavours**
**for the revival**
**of the study**
**of Sanskrit,**

THIS TRANSLATION
is humbly inscribed
( with his permission )
BY

THE TRANSLATOR.

# પ્રસ્તાવના.

આ નાનો પણ સુંદર ગ્રંથ ઇંગ્રેજી નિશાળમાં શીખવવામાં આવેછે, તેથી કેટલીક વાર મારા વાંચવામાં આવ્યોછે. જ્યારે જ્યારે એ વાંચવામાં આવે, ત્યારે ત્યારે એમાં નવી નવી ખૂબી માલમ પડે, અને એટલો તો અર્થગાંભીર્યથી ભરેલો માલમ પડે, કે હાથમાંથી છોડવાનું મન થાય નહિ. તે ઉપરથી મારા મનમાં એવો વિચાર આવ્યો, કે એ નાના પણ શબ્દે શબ્દે અને પદે પદે શીખામણથી ભરપૂર ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર થયું હોય, તો બહુ સારૂં. સંસ્કૃત ભાષા જાણનારની સંખ્યા ઘણી થોડી છે, તેથી એવા અમૂલ્ય ગ્રંથનો લાભ થોડાજ માણસ લઇ શકે; પણ જો ગુજરાતીમાં ભાષાંતર થયું હોય, તો આખા ગુજરાતના લોકોને એનો ફાયદો મળી શકે, એ વિચારપરથી મેં ભાષાંતર કરવા માડ્યું.

ગુજરાતી ભાષા સંસ્કૃત જેટલી કેળવાયલી અને ભરપૂર નહિ હોવાને લીધે, એમાં સંસ્કૃતની મધુરતા અને સરળતા આણવી બહુ મુશ્કેલ પડેછે. સંસ્કૃતમાં પ્રાસની કડાકૂટ બીલકૂલ નથી; પણ ગુજરાતીમાં ચાલેજ નહિ. વળી એક શીશીમાંથી બીજી શીશીમાં નાખતાં જેમ અત્તર (વળગી રહેવાથી અને છલકાવાથી) ઓછું થાય, અને તેની ખુશબો પણ કેટલીક ઊડી જાય, તેમ ભાષાંતરમાં મૂળનો રસ પૂરેપૂરો ઊતરી શકતો નથી; અને મારો અસલથી એવો વિચાર કે ભાષાંતર બને તેટલું મૂળ સંસ્કૃતને અનુસરતું અને સાધારણ માણસથી સમજાય એવું કરવું.

એ સઘળી બાબતનો વિચાર કરીને રોળા, ચોપાઇ, છપ્પય, એ માત્રામેળ છંદ મેં પસંદ કીધા; કારણ કે લખનારને માત્રામેળ છંદમાં છૂટ મળેછે તેટલી અક્ષરમેળમાં મળતી નથી; અને તેથી ભાષાંતર પણ કઠણ થયા વગર રહેતું નહિ. અલબત માત્રામેળ છંદ ફીકા પડી જાયછે; અને મેં આ ભાષાંતર કવિ નર્મદાશંકરને બતાવ્યું, તેમણે પણ એવી સૂચના કીધી. પણ મેં મારી ઉપલી મતલબ કહી, ત્યારે એમને માત્રામેળ છંદ રાખવાનું કારણ મુનાસબ લાગ્યું. માત્રામેળ છંદની મદદ છતાં પણ મને ભાષાંતરનું કામ કંઇ સહેલું લાગ્યું નથી. કેટલેક ઠેકાણે મને સંસ્કૃત શબ્દ મૂક્યા વગર ચાલ્યુંજ નહિ. પણ ભાષાંતર સરળ કરવામાં અને મૂળનો આબેહૂબ અર્થ બતાવી આપવામાં મારાથી બનતી મહેનત કરવાથી પાછો હઠ્યો નથી. વળી આ મારો પહેલોજ પ્રયત્ન છે, અને નીતિશતક જેવા મધુર, પ્રૌઢ, અને અર્થગાંભીર્યથી ભરપૂર ગ્રંથનું ભાષાંતર કરવું, એ મહાવિદ્વાન્ અને ઊંચા પ્રકારની કવિત્વશક્તિવાળા માણસનું કામ છે, તેથી વાંચનારને ભાષાંતરમાં ઘણા દોષ જોવામાં આવશે. પણ હું આશા રાખુછું કે સુજ્ઞ વાંચનાર આ ગ્રંથ વિષે પોતાનો વિચાર બાંધતાં પહેલાં, ઉપર કહેલી સઘળી વાત ધ્યાનમાં લેશે. હવે પછીના મારા પ્રયત્ન આ ભાષાંતરની ફતેહ ઉપર આધાર રાખેછે.

આ ભાષાંતર રા. રા. કાશીનાથ ત્ર્યંબક તેલંગની "નીતિ અને વૈરાગ્ય શતક"ની આવૃત્તિ ઉપરથી કીધું છે. એ આવૃત્તિમાં એ ગૃહસ્થે મૂળ, ટીકા, અને કવિચરિત્ર પાછળ બહુ મહેનત લીધીછે. એની મદદ નહિ હોત, તો કવિચરિત્ર વિષે અને ભાષાંતરની ટીકામાં જેટલું લખી શકાયુંછે, તેટલું ભાગ્યેજ બનતે.

આ ભાષાંતરનો થોડોક ભાગ લખીને મારા મિત્ર રા. રા. દલપતરામ વિઠ્ઠલદાસને બતાવ્યો, તે જોઇ ભાષાંતર પૂરૂં કરવાને મને એણે ઉશ્કેર્યો નહિ હોત, તો ભાગ્યેજ પૂરૂં થાત. પૂરૂં થયા પછી પણ સઘળું ચોકસાઇથી વાંચી કેટલોક ફેરફાર કરવાને સૂચના કીધી છે, તે માટે હું તેનો ઘણો આભાર માનું છું. ત્યાર પછી એક મિત્રના કહેવાપરથી કવિ નર્મદાશંકરને ભાષાંતર બતાવ્યું. તેમણે પણ કેટલીક ઉપયોગી સૂચના કીધી; અને તે માટે તેમનો પણ આભાર માનુછું.

સુરત, સંવત્ ૧૯૩૭, માગશર શુદ ૧૪, ગુરૂવાર.

---

## बीजी आवृत्ति.

આ આવૃત્તિમાં કશી અગત્યની વધઘટ કરી નથી. પરંતુ ભાષાંતરનો ભાગ મૂળ સાથે મેળવી જોતાં તેમાં કેટલોક સુધારો કરવાની જરૂર માલમ પડ્યાથી, તેમાં ઘટતો ફેરફાર કીધો છે,

સુરત, સંવત્ ૧૯૪૯, આશ્વિન શુદ ૧૦, શુક્રવાર.

# कविचरित्र.

હિંદુસ્તાનના સઘળા મહાપુરૂષોનાં જન્મચરિત્રની પેઠે આ સુંદર ગ્રંથના રચનાર ભર્તૃહરિના જન્મચરિત્ર સંબંધી થોડીજ ભરોસો રાખવા લાયક હકીકત માલમ પડી છે. જે કંઇ એના જન્મચરિત્ર વિષે નક્કી કરીએ, તે બધું આસપાસની બાબતો સરખાવી અટકળ બાંધી કરવાનું છે. કોઇક પરદેશી પંડિતનો તો એવો વિચાર છે, કે એ ગ્રંથનો બનાવનાર ભર્તૃહરિ નહિ હોય; પણ બીજા કોઇ કવિએ લખી એને નામે ગોઠવી દીધો હશે. એ કયા સૈકામાં થઇ ગયો, અને એણે કયાં કયાં પુસ્તકો લખ્યાં, તેને માટે જૂદા જૂદા વિચાર ચાલેછે. એ વગેરે, સઘળી બાબતનું અહિયાં વિસ્તારીને વિવેચન કરવા બેસીએ, તો આ કવિચરિત્ર એટલું લાંબું થઇ જાય, કે આ નાના સરખા પુસ્તક સાથે સરખાવતાં કઢંગું દેખાય. માટે એ સઘળાનો સાર કાઢી વાંચનારના મોં આગળ મૂકવો વધારે સારો લાગેછે.

ભર્તૃહરિને વિષે એમ દંતકથા ચાલેછે, કે ભર્તૃહરિ વિક્રમાદિત્યનો વડો ભાઇ હતો, અને ઉજ્જયિનીમાં રાજ્ય કરતો હતો. પણ એને કેટલાક કારણ ઉપરથી સંસાર કપટથી ભરપૂર અને મિથ્યા લાગ્યાથી, વિક્રમાદિત્યને રાજ્ય સોંપી, પોતે વૈરાગ્ય ધારણ કીધું.

ઉજ્જયિની આગળ હાલ એક ગુફા છે, તેને ભર્તૃહરિની ગુફા કહેછે. એમ કહેવાયછે, કે એ ગુફામાંથી કાશી સુધી સુરંગ

હતી; પણ તે હાલ પૂરાઇ ગઇ છે. એ ગુફાના એક ખૂણામાં એક કુંડ છે, ત્યાં ભર્તૃહરિ પોતાની હોમાદિક ક્રિયા કરતો, એમ કહેવાય છે.

હવે પહેલો વિચાર કરવાનો એ છે, કે આ ગ્રંથનો કર્તા ભર્તૃહરિ હતો કે કોઇ બીજો; અને ભર્તૃહરિ હતો, તો એણે બીજાના રચેલા છૂટક શ્લોક એકઠા કીધા, કે સઘળા પોતે રચ્યા. એ ગ્રંથકર્તા ન હતો એમ કહેવાને મુખ્ય કારણ એક છે. તે એ કે એ રાજા હતો. પણ રામાયણ, મહાભારત, કાદંબરી, દશકુમાર ચરિત્ર, વગેરે ગ્રંથ ઉપરથી માલમ પડેછે, કે અસલના રાજા ઘણા ઉત્તમ પ્રકારનો વિદ્યાભ્યાસ કરતા, અને સદ્દગુણી અને સદાચરણી હતા; તેથી ભર્તૃહરિ રાજા હોવાને લીધે ગ્રંથ રચી શકે નહિ, એમ કહેવું વાજબી લાગતું નથી. એનો બીજો કોઇ રચનાર હોય, તો આજ ગ્રંથના બીજા શ્લોકમાં* જેમ ઉપર કહેલી ઘરખટલાની વાતની સૂચના કીધી છે, તેમ પારકા માણસથી કોઈ પણ દિવસ બની શકે નહિ. વળી અત્યાર સૂધી એ દંતકથા ચાલી આવી છે; અને એના ગ્રંથકારપણા વિષે કોઇ પણ ઠેકાણે સંશય નીકળ્યો જોવામાં આવ્યો નથી.

ભર્તૃહરિએ બીજા ગ્રંથકારના છૂટક શ્લોક એકઠા કીધા હોય એમ પણ ભાસતું નથી. કેમકે નીતિ, શૃંગાર, અને વૈરાગ્યમાં જે વિચારની એકસરખી સમાનતા જોવામાં આવે છે તે, જો જૂદા જૂદા ગ્રંથકારના શ્લોકનો સંગ્રહ હોય, તો આવવી અશક્ય છે. એ સઘળું વિચારતાં બીજી રીતે ધારણા બાંધવાને પૂરતાં કારણ

* એનું ભાષાંતર મૂકી દીધેલું છે.

મળે નહિ, ત્યાં સૂધી ભર્તૃહરિને એનો રચનાર ગણવો વધારે વાસ્તવિક છે.

હવે ભર્તૃહરિ ક્યારે થઇ ગયો, એનો વિચાર કરવાનો છે. ત્રણે શતક, તેમાં મુખ્યત્વે કરી વૈરાગ્યશતક ઉપરથી સાફ માલમ પડેછે, કે એ કવિ વેદાંત મતનો હતો. વેદાંતશાસ્ત્રના સૌથી ઉત્તમ વિવેચન કરનાર શંકરાચાર્ય અને એ કવિ, એ બેઉના વિચારમાં સમાનતા જોવામાં આવેછે એટલુંજ નહિ, પણ તેના તે શબ્દો અને વાક્યો પણ બેઉના ગ્રંથમાં જોવામાં આવેછે. શંકરાચાર્ય, અલબત, વેદાંતશાસ્ત્રના સૌથી સરસ વિવેચન કરનાર હતા; પણ એ ઉપરથી એમ નહિ કહેવાય કે એની પહેલાં કોઇ બીજો નહિ થયો હોય. હ્યુન ત્સાંગ* નામે એક ચીનનો મુસાફર અહિયાં આવ્યો, ત્યારે ઔપનિષદ મત ચાલતો હતો, એમ તે કહેછે; અને ઔપનિષદ અને વેદાંત મત તે એકજ. માટે એ ઉપરથી એમ કહેવાય નહિ, કે શંકરાચાર્યની સાથે ભર્તૃહરિ પણ આઠમા સૈકામાં થઇ ગયો. વળી ડા. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરના કહેવા પ્રમાણે શંકરાચાર્ય ઇ. સ. ૩૪૬ કે ૫૨૬ માં થઇ ગયા, એમ એક લેખ ઉપરથી માલમ પડેછે.

વૈરાગ્યશતકના ૮૧ મા શ્લોકમાં પુરાણ શબ્દ આવે છે. ડો વિલ્સન નામે એક ઇંગ્રેજી પંડિતનો એવો વિચાર છે કે પુરાણ નવમા સૈકામાં અને તેની પછી રચાયલાં. પણ જે પુરાણને એ પંડિત શંકરાચાર્ય પછી થયલાં કહેછે, તેજ પુરાણમાંથી

* હ્યૂન ત્સાંગ આશરે ઇ. સ. ૬૪૮માં આ દેશમાં આવ્યો હતો.

શ્વેતાશ્વતર ઉપનિષદની ટીકામાં શંકરાચાર્યે દાખલા આપ્યાછે. વળી એજ પંડિત એમ કહેછે, કે નવમા સૈકા પહેલાં પણ પુરાણ તો હોવાં જોઇએ; કારણ કે અમરકોશમાં પુરાણ કહ્યાં છે, અને અમરસિંહ ઈ. સ. પૂ. પહેલા સૈકામાં થયો એમ કહેવાયછે. પણ જૂદા જૂદા મત ચલાવનારાએ પોતાને અનુકૂળ આવે, એવા ફેરફાર અસલ પુરાણોમાં કરી હાલનાં નવાં પુરાણ તૈયાર કીધાં. વળી મનુસ્મૃતિ અને આશ્વલાયન ગૃહ્યસૂત્ર જેવા બહુ પ્રાચીન પુસ્તકોમાં પણ પુરાણનું નામ આવે છે.*

એથી કરીને એ બે બાબતો ઉપરથી ભર્તૃહરિને આઠમા નવમા સૈકામાં મૂકવો, એ વાસ્તવિક નથી.

પંચતંત્રનું 'કલીલહ ઉ દમ્નહ' નામે ફારસીમાં ભાષાંતર છે. એ ભાષાંતર ઈ. સ. ૫૩૧થી ૫૭૯સૂધીમાં થયુંછે તેથી પંચતંત્ર ઈ. સ. ૫૦૦માં તો રચાયલું હોવું જોઇએ. હવે નીતિશતકમાંથી એક શ્લોક પંચતંત્રમાં લીધેલો છે. તેજ શ્લોકનું ભાષાંતર તેજ વાર્તામાં 'કલીલહ ઉ દમ્નહ'માં છે. એ ઉપરથી ખુલ્લું જણાઇ આવેછે, કે ભર્તૃહરિનાં શતક ઇ. સ. ૫૦૦ પહેલાં રચાવાં જોઇએ.

ઉપર કહેલી દંતકથામાં ભર્તૃહરિને વિક્રમનો ભાઈ કહ્યોછે. એ વિક્રમ સંવતનો સ્થાપનાર હતો, અને ઇ. સ. પૂ. ૫૬માં થઇ ગયો, એમ માનવામાં આવેછે. ત્યારે ભર્તૃહરિ પણ એજ સમયે થવો જોઇએ. પણ કેટલોક કારણ ઉપરથી એમ માલમ પડેછે, કે ભર્તૃહરિ એ વખતથી ઓછામાં ઓછો એક સૈકડો મો-

* મોનિયર વિલિયમ્સ, ઇંડિયન વિઝ્ડમ પૃ. ૪૯૨.

ક થવો જોઇએ. વાક્યપદીય નામે ભર્તૃહરિના એક ગ્રંથ ઉપરથી માલૂમ પડેછે, કે એના સમયમાં પતંજલિનું મહાભાષ્ય પંકાતું હતું. એ મહાભાષ્યઅને ચંદ્રાચાર્ય વગેરેએ ઇ. સ. ૪૫–૬૫ના દરમિયાનમાં સાધારણ ઉપયોગમાં આણ્યું, ત્યાં સુધી તે અંધકારમાં હતું. તેથી ભર્તૃહરિ એ માણુસોના પહેલાં થયો એમ કહેવાય નહિ. હવે એક વિદ્વાન્ કહે છે કે દેશી જ્યોતિષી, આરબ જ્યોતિષી આલ્બિરૂની, કલ્હન પંડિત,* અને હ્યૂન ત્સાંગની સંમતિ પ્રમાણે વિક્રમ સંવતનો ચલાવનાર નહિ, પણ શક (ઇ. સ. ૭૮) ને ચલાવનાર હતો. એ વાત જો કબૂલ કરીએ, તો ઉપલો વાંધો નીકળી જાયછે,

હવે દંતકથા, પંચતંત્ર, અને મહાભાષ્ય, એ સઘળાં વિષેના વિચાર સરખાવી જોતાં, ભર્તૃહરિ ઇ. સ. ના પહેલા સૈકાની આખરે અને બીજાની શરૂઆતમાં થઇ ગયો, એમ વાસ્તવિક લાગેછે.

ભર્તૃહરિ અને કાલિદાસના ગ્રંથ સરખાવતાં કાલિદાસ ભર્તૃહરિ પહેલાં થયો હશે એમ લાગેછે. પણ કાલિદાસનોજ સમય નક્કી થયો નથી,

વૈરાગ્યશતકના એક શ્લોક[1] ઉપરથી ડા. ભાઉ દાજી કહેછે, કે ભર્તૃહરિ વિક્રમનો ભાઇ ન હતો, પણ રાજાના દરબારમાંથી નિરાશ થયલો કવિ હતો; કારણકે ત્યાં એ પ્રથમ પુરૂષે બોલેછે, અને પ્રથમ પુરૂષે કવિ બોલે તે પોતાને માટે. એ ભાર-

---

* કલ્હન=રાજતરંગિણી નામે કાશ્મીરના રાજાઓના ઇતહાસનો રચનાર.

૧ વૈ. શ. ૪.

ણુા કેટલેક પ્રસંગે ખરી પડેછે; પણ હંમેશ એમ બનતું નથી. બીજા એક શ્લોક[1] પરથી જણાયછે, કે સંસારમાં કઇ વૃત્તિ પકડવી તે વિષે સંશયમાં છે. બીજા ચાર શ્લોકમાં[2] એમ કહેછે, કે વૃત્તિ પ્રસંદ કીધીછે. તે પછીના એક શ્લોકમાં[3] વૃત્તિ પસંદ કીધી છે એટલુંજ નહિ, પણ તેનું ફળ મળવાની તૈયારી છે. એના પછીના એક શ્લોકમાં[4] જુવાની નકામી ગાળી એમ કહેછે. વળી પાછો એક શ્લોકના[5] પહેલા ભાગમાં સંશય અને પાછલા ભાગમાં નિશ્ચય બતાવેછે. આવા બીજા ઘણા દાખલા આપી શકાય. પણ એમ જો ગ્રંથકર્તાના પ્રથમ પુરૂષના લખાણ પરથી કવિનું જન્મચરિત્ર તારવી કાઢીએ, તો ઘણું વિચિત્ર અને સંબંધ વગરનું જન્મચરિત્ર નીકળે.

નીતિ અને વૈરાગ્ય શતકની આવૃત્તિ બહાર પાડતી વખતે રા. રા. કાશીનાથ ત્ર્યં. તેલંગે જૂદી જૂદી લખેલી પ્રતો મેળવી હતી. તેમાં કોઇમાં ભર્તૃહરિને કવિ, કોઇમાં યોગી, અને કોઇમાં રાજા કહ્યોછે; અને એકમાં* તો રાજા, કવિ, અને યોગી, એ ત્રણે નામ આપ્યાં છે. એ ઉપરથી એમ ધારણા કરવામાં આવે છે, કે એ રાજા પણ હશે, કવિ પણ હશે, અને યોગી પણ થયો હશે.

નીતિ, વૈરાગ્ય, અને શૃંગાર શતક સિવાય ભર્તૃહરિએ <u>વાક્યપદીય</u> નામે વ્યાકરણ રચ્યું છે. તેમાં વાક્યરચના વિષે કવિતામાં નિયમ આપેલાછે. એ ગ્રંથ એનો છે, એમ બધા પંડિત કહેછે.

---

૧ વૈ. શ. ૪૦. ૨. વૈ. શ. ૩૨, ૩૩, ૪૧, ૪૨. ૩. વૈ. શ. ૮૭, ૪. વૈ. શ. ૮૯. ૫. વૈ. શ. ૫૧. *इतिश्रीमहाराजाधिराजसामन्तसिमन्तचूडामणिकविशेखरयोगीन्द्रमुकुटमणिराजर्षिश्रीभर्तृहरिविरचितं वैराग्यशतकं तृतीयं पूर्णतामगमत्.

ભટ્ટિકાવ્ય નામે એક બીજો ગ્રંથ છે, તેમાં રામચરિત્રનું વર્ણન કીધું છે. પણ તેનો મુખ્ય ઉદ્દેશ, કઠણ શબ્દોનાં રૂપ વાક્યમાં વાપરી વ્યાકરણનું જ્ઞાન કરાવવાનો છે. એ ગ્રંથ એનો ગણાય છે; પણ બધા પંડિત કબૂલ કરતા નથી. એમ ધારવામાં આવેછે, કે કોઈ બીજો પુરૂષ (પછી તેનું પણ નામ ભર્તૃહરિ હોય) એનો રચનાર હશે. ભર્તૃહરિને વિષે એક બીજી વાત છે. એક બ્રાહ્મણને બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, અને શૂદ્ર, એવી ચારે વર્ણની એક એક બૈરી હતી. તેમને એકએકો પુત્ર હતો; બ્રાહ્મણીને વરરૂચિ, ક્ષત્રિયાણીને વિક્રમ, વૈસ્યાણીને ભટ્ટિ, અને શૂદ્રાણીને ભર્તૃહરિ. એ ઉપરથી એમ જણાય છે, કે ભટ્ટિ અને ભર્તૃહરિ જૂદા હતા.

શતક ઉપરથી માલમ પડેછે, કે ભર્તૃહરિ વેદાંતી હતો. શિવ, વિષ્ણુમાં એ ફેર ગણતો ન હતો. પણ શિવ તરફ એનું વધારે વળણ હતું એમ જણાય છે. બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ, એ ત્રિમૂર્ત્તિ એના વખતમાં મનાતી હતી; અને વિષ્ણુના દશ અવતાર પણ મનાતા હતા.

ભર્તૃહરિને વિષે એક બીજી વાત ચાલેછે. એને ત્રણસેં બૈરી હતી, અને એ પોતાનો વખત વિષયવૃત્તિમાં ગાળતો. એક દહાડો એ માટે એના પિતાએ બહુ ઠપકો દીધો, તે પરથી સઘળી સ્ત્રીનો ત્યાગ કરી ત્રણ શતકનો સંગ્રહ કીધો. બીજી એક કથા પહેલી કથા જેવીજ છે, પણ વધારામાં એની સ્ત્રીનું નામ અનંગસેના આપેલું છે.—રા. રા. કાશીનાથ ત્ર્યં. તેલંગના અનુપમ અને વિદ્વત્તા ભરેલા ઉપોદ્ઘાત ઉપરથી.

# નીતિશતક વિષે.

નીતિશતક ઘણા ઉત્તમ પ્રકારનો ગ્રંથ છે. એની ભાષા સરળ અને મધુર છે. એમાંના વિચાર એવા ઉત્તમ પ્રકારના છે, અને એવી સંક્ષિપ્ત ભાષામાં મૂકેલા છે, કે દરેક શ્લોકમાંથી.તો શું, પણ કેટલાક શ્લોકના દરેક પદમાંથી આખું પુસ્તક ભરાય, એવો ભારી વિષય મળે. એ ગ્રંથ દુનિયાના સઘળી જાતના અનુભવથી ભરપૂર છે; અને જે જે વિષય વર્ણવ્યા છે, તે વિષે ભાગ્યેજ કંઈ કહેવાનું બાકી રહ્યું હશે. એના વખાણ હિંદુસ્તાનમાં થાય છે એટલુંજ નહિ, પણ યૂરોપના દરેક દેશમાં એ પંકાયછે; અને ઘણીખરી ભાષામાં એનાં ભાષાંતર થયાં છે.

ભર્તૃહરિના વખતમાં હિંદુ ધર્મ કેવી સ્થિતિમાં હતો, તેનો કેટલોક ભાસ આ ગ્રંથમાંથી થાય છે. હાલ નહાવા–ધોવાની, વગેરે ક્રિયામાં લોક ધર્મ માને છે, તેમ તે વખતમાં નહિ હોય. વિદ્યા ભણી, સદાચારે (એટલે સદ્‌ગુણ જેમ દોરવે તેમ) ચાલવું, અને જ્ઞાનમાર્ગ પકડવો, એ સિવાય મુક્તિ નહિ, એમ લોક માનતા હશે.

દૈવ અને કર્મ વચ્ચે ફેર બતાવ્યો છે. ભર્તૃહરિએ દૈવના અર્થમાં કર્મ શબ્દ વાપર્યો છે ખરો, પણ દૈવ અને કર્મના વિષય જૂદા જૂદા ગણી, જૂદું જૂદું વર્ણન કીધું છે. ૮૮થી ૯૩મા શ્લોક સૂધી દૈવ વિષે પોતાના વિચાર આપ્યા પછી કર્મ વિષે બોલે છે. એ બે વિષયપર કવિ જે જે કહેછે, તે ઉપરથી દૈવ કરતાં કર્મની શ્રેષ્ઠતા સાફ માલમ પડેછે. કર્મ (પ્રા. કામ એટલે ઉદ્યમ) એજ દૈવનું મૂળ છે, અને એથીજ દૈવ બંધાય છે.

ઉપર જે નીતિશતક વિષે કહ્યું છે તે મૂળ સંસ્કૃતને માટે. મૂળનું આબેહૂબ ચિત્ર આપવામાં આ ભાષાંતર કેટલું ફતેહ પામ્યું છે, એ વિચારવાનું મારૂં કામ નથી. તે કામ હું નમ્રતાપૂર્વક વાંચનારને સોંપુંછું.

# नीतिशतक.

## ભુજંગી.

[1]દિશા કાળ આદિથી છેદાય ના જે,
અવિનાશી, [2]ચિન્માત્ર રૂપે વિરાજે;
વિના [3]સ્વાનુભૂતિ કળી ના શકે જે,
નમું શાંત [4]સાત્ત્વિક તે બ્રહ્મતેજે. 1
* * * * * 2

## અજ્ઞનિંદા.

## રોળા.

સમજે સ્હેજે અજ્ઞ; સુજ્ઞ તો એથી સ્હેજે;
[5]જ્ઞાનલેશગર્વિષ્ઠ પુરુષ બ્રહ્માથી ન રીઝે. 3
તીવ્ર મગરદાઢથી મણિ હિમ્મતથી કઢાએ;
મહા [6]ઊર્મિમાળથી ઉછળતો અબ્ધિ તરાએ;

---

૧ પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, દિશા, કાળ, આત્મા, અને મન, એ નવ પદાર્થથી. ૨ ફક્ત જ્ઞાન એજ સ્વરૂપે. ૩ જ્ઞાનયોગે બ્રહ્મનો આત્મઅનુભવ. ૪ સત્વગુણમય. ૫ જરા જ્ઞાન. ૬ એક પર એક ચઢી આવતાં મોજાંની હાર.

*બીજા શ્લોકનું ભાષાંતર અસભ્ય છે, એવી મુંબઇના કેળવણી ખાતાના મહેરબાન ડિરેક્ટર સાહેબ તરફથી સૂચના મળવાથી કાઢી નાખવામાં આવ્યું છે.

માથે કોપ્યો નાગ પુષ્પ પેરે મૂકાએ;
હઠિલ મુર્ખજન ચિત્ત કદી રીઝવ્યું ન રીઝાએ. ૪
પીલે મ્હેનતે રેત, તેલ પામે તેમાંથી;
તર્ષ્યો પ્રાણી પિયે પાણી પણ [1]મૃગતૃષ્ણાથી;
કદિ સસલાને શીર મળે શીંગડું ભટક્યાથી;
હઠિલ મુર્ખજન ચિત્ત રીઝે કદિ નવ રીઝવ્યાથી. ૫

## હરિગીત.

કોમળ કમળના તંતુથી તે ઇચ્છશે ગજ બાંધવા,
મથશે [2]શિરીષ ફુલ ધારથી તે [3]વજ્રમણિને કાપવા;
વળી [4]ક્ષાર સિંધુ મિષ્ટ કરવા વાંછશે મધુબિંદથી,
સન્માર્ગમાં શઠ દોરવા જે ચાહ્ય [5]અમૃતશુભવાક્યથી. ૬

## રોળા.

મૂર્ખતાનું ઢાંકણું વિધાતાએ કર્યું જાણો;
પોતાને વશ તેહ, પૂર્ણ ગુણ તેમાં માનો;
વિદ્વજ્જનની જ્યાંય સભા મળી હોય વિશેષે,
મૌન ધારવાથકી મૂર્ખની શોભા રે'શે.
જ્ઞાન લેશ નવ હતું, મદોન્મદ હાથી જેવો,
"હું જાણુંછું સર્વ", ગર્વ મન ધરતો એવો;

---

૧ ઉનાળાના ખરા તાપમાં રેતીના રણમાં મુસાફરી કરનારને ઘણે આઘેનું પાણી બહુજ પાસે દેખાયછે; પણ જેમ જેમ તે પાસે જાય છે, તેમ તેમ તે દૂર જતું દેખાય છે, એ ઝંખનાનું નામ મૃગતૃષ્ણા. ૨ એક જાતનું ફૂલ. ૩ હીરો. ૪ મીઠાનો ખારો સમુદ્ર. ૫ અમૃત જેવાં શુભ વચન.

વિદ્વજ્જનસંગથી કંઈ કંઇ જ્ઞાનજ પામ્યો,
"મૂર્ખ છઉં હું", એમ માહરો [1]મદજ્વર વામ્યો. ૮
માંસરહિત, દુર્ગંધી, [2]નિંદ્ય, ને લાળભિંજેલું,
પૂર્ણું સ્વાદથી ખાય હાડકું કીડે ભરેલું;
પાસ ઇંદ્રને જોય, તથાપિ [3]શ્વાન ન લેખે,
વસ્તુ હોય અસાર, અધમ પ્રાણી નવ પેખે. ૯
સ્વર્ગથી શિવને શીર, પડી [4]ગિરિપર શિવશિરથી,
ઉંચા ગિરિથી પૃથ્વીપર, સમુદ્રે પૃથ્વીપરથી;
ગંગા પદવી અલ્પ, અધમ પામી; સો દ્વારે
પામે નિશ્ચય પતન, જેહ વિવેક વિસારે. (અ)* ૧૦

## હરિગીત.

નક્કી શાંત થાએ અગ્નિ જળથી, તાપ રવિનો છત્રથી;
અતિ [5]તીક્ષ્ણ અંકુશથી મદોન્મદ હાથી; બલ, ખર દંડથી;
વળી રોગ ઔષધથી ખસે; વિષ મંત્રથી વિધવિધના;
સર્વેતણાં ઔષધ કહ્યાંછે શાસ્ત્રમાં, નહિ મૂર્ખનાં. ૧૧

## રોળા.

નહિ વિદ્યા, નહિ[6] કળા, નહિ સંગીત જે જાણે,
પશુ તેને સાક્ષાત પૂંછ શીંગડા વિણ માને;
ખાય નહિ તે ઘાસ, તથાપિ તે જીવે છે,
પશુતણું જાણવું મહા ભાયગ તો એ છે. ૧૨

---

૧ ગર્વરૂપી તાવ. ૨ ધિક્કારવા જોગ. ૩ કૂતરો. ૪ પર્વત. ૫ તીણો.
૬ ચોસઠ.—જૂઓ નર્મકથાકોષ. *(અ),(આ),વગેરે માટે પૂરવણી જૂઓ.

નહિ ઉદાર, વિદ્વાન; ધર્મ જે નહિ આચરતો;
નહિ જ્ઞાની; નહિ શીલ; ગુણી નહિ; તપ નહિ કરતો;
મૃત્યુલોકમાં અહીં તેહ નર ભાર કરેછે;
મનુષ્ય રૂપે પશુ પૃથ્વીની માંહ્ય ફરેછે. ૧૩
ઠીક, પશુ સંગમાં વિકટ ગિરિમાંહે ફરવું;
ઇંદ્રભવનની[1] માંહ્ય મૂઢ સંગે નહિ ફરવું. ૧૪

## વિદ્વત્પ્રશંસા.

### છપય.

[2]શાસ્ત્રશુદ્ધ શબ્દથી મનોહર જેની વાણી;
કરેવેદ ઉપદેશ શિષ્યને ઉલટ આણી;
નિર્ધન જેને દેશ [3]ખ્યાત પંડિતજન એવા,
તે રાજાને નકી ગણો મૂરખજન જેવા;
જો પંડિત હોએ ધન રહિત, મોટા તોય મનાય છે;
કદિ ઓછું કસાએ, નહિ મણિ, ઝવેરી અધમ ગણાયછે. ૧૫

### હરિગીત.

કદિ ચોર હાથે નવ ચઢે કલ્યાણ કરતી સર્વદા;
વળી જાચકોને આપતાં, પણ વૃદ્ધિ ઘણી પામે સદા;

૧ મકાન—મહેલ. ૨ વ્યાકરણના નિયમ પ્રમાણે શુદ્ધ થ-
યલા. ૩ પ્રખ્યાત.

એ [1]જ્ઞાનઅંતલક્ષ્મી જેની [2]કલ્પ અંતે નવ જશે;
નૃપ ગર્વ છોડો તેહ આગળ; કોણ તે સરખાં થશે? ૧૬
તુચ્છકાર નહિ તે જ્ઞાનીને [3]પરમાર્થ સાધ્યો જેહણે;
તૃણ તુલ્ય લક્ષ્મી તુચ્છ તે રોકી શકે નહિ તેહને;
બહુ નવિન [4]મદની હારથી જે હાથીના શીર શ્યામ છે,
કોમળ કમળના તંતુનો નહિ તેહને અટકાવ છે. ૧૭

રોળા.

કમળકુંજ વન વિષે, વાસનું સુખ હરે છે,
હંસતણું સર્વથા, [5]વિધાતા જો કોપે છે;
જૂદાં પાણી દૂધ કરે, ચતુર એવો કહેવાએ;
કીર્તિ એ વિખ્યાત, [6]વિધિથી નવ લેવાએ. (આ) ૧૮
નરભૂષણ નહિ કડાં, ચંદ્ર[7]સમ ઉજ્જવળ હારો;
સ્નાન, [8]લેપ, ફુલ નહિ; નહિ શણગાર્યાં વાળો;
નરની વાણી વિશુદ્ધ, વિભૂષણ મોટું મનાએ;
સર્વ વિભૂષણ નાશ; અમર વાગ્ભૂષણ[9] ગણાએ. ૧૯

છપય.

વિદ્યા નરની નકી અધિકી કાંતિ દીપાવે;
વિદ્યા છૂપું દ્રવ્ય, ભોગ સુખ કીર્તિ કરાવે;
વિદ્યા સૌથી શ્રેષ્ઠ, દેવો એ મોટી મનાએ;

---

૧ વિદ્યારૂપી મનમાં રહેતું ધન. ૨ સૃષ્ટિની ઉત્પત્તિથી નાશ સુધીનો કાળ. ૩ ઉત્તમ વસ્તુ=બ્રહ્મજ્ઞાન. ૪ હાથીના કપાળ પર જે ચીકણો પદાર્થ ફૂટે છે તે. ૫ બ્રહ્મા. ૬ બ્રહ્મા. ૭ સરખા. ૮ અંગપર મર્દન કરવાની મેળવણી. ૯ વાણી રૂપી ઘરેણું.

વિદ્યા બાંધવ ખરો દેશ પરદેશ ગણાએ;
વિદ્યા પૂજે છે રાજ્યમાં ભૂપ સદા, નહિ ધન કશું;
વિદ્યાવિહીન જે માણસો મનાયછે જગમાં પશુ. ૨૦
સદ્વચનો શું કરે? ક્ષમા હોએ નરમનમાં;
દુશ્મનનો શો [1]અર્થ? ક્રોધ હોએ જો તનમાં;
અગ્નિનો શો અર્થ? મનુષ્યો હોય કુટુંબના;
[2]દિવ્યૌષધ શું કરે? મિત્ર હોએ જો તનના;
વિદ્યા વિશુદ્ધ, તવ દ્રવ્ય શું? દુષ્ટ હોય, [3]ફણી શું કરે?
શુભ કવિતા આગળ રાજ્ય નહિ, ભૂષણ વિનય પાસ ન ઠરે. ૨૧
મ્હેર [4]સ્વજનના ઉપર, અન્યને દયા બતાવે;
દુષ્ટ પુરુષને કપટ, સાધુને પ્રેમ જણાવે;
નીતિ રાજા સાથ, સરલતા પંડિતજનને,
ગુરુની આગળ ક્ષમા, શૌર્ય દાખે દુશ્મનને;
વળી છેતરી રાખે નારને કળાવાન પુરુષો અહીં;
એવા નરના [5]કૌશલથકી સંસારજ ચાલે સહી. ૨૨

## રોળા.

કરે મૂઢ મતિ દૂર વાણીમાં સત્ય ભરેછે;
નરનું વધારે માન; પાપને દૂર કરેછે;
પ્રસન્ન રાખે ચિત્ત; પ્રસારે દશ દિશ જશને;
કહો, સુજનનો સંગ કરે નહિ શું માણસને? ૨૩

---

૧ જરૂર. ૨ દેવલોકનું= જેથી સૌ રોગ મટે એવું-ઓસડ. ૩ સાપ. ૪ પોતાના માણસ. ૫ કુશળતાથી.

ભાગ્યવાન, [1]રસકુશળ, મહાકવિનો જય થાએ;
જરા મરણ ભય નહિ જેનાં કીર્તિ રૂપી કાયે. ૨૪

છપય.

સદાચારી રે' પુત્ર; સતી ઘર નારી રે'છે;
સ્વામી રાખે મ્હેર; મિત્રનો પ્રેમ ઠરેછે;
ક્લેશ લેશ નહિ મન; પ્રમાણિક સેવક થાએ;
સુંદર રહે શરીર; વિભવ પણ કદી ન જાએ;
વળી વિદ્યાથી તો શોભતું વદન પુરૂષનું રે' સહી,
ઇચ્છા પૂરણ, જગત તોપણ, હરિની કરુણા જો થઇ. ૨૫
જીવહિંસા વર્જવી; હરણ પર ધનનું ન કરવું;
પરનારીજનતણી વાતમાં મૌનજ ધરવું;
સત્ય વચન ઉચ્ચાર; દાન શક્તિ સમ સમયે;
સર્વ પ્રાણી પર દયા; વર્તવું ગુરૂશું વિનયે;
વળી તૃષ્ણા પ્રવાહ રોકવો:—[2]શ્રેય માર્ગ એ છે નકી;
સાધારણ સર્વ શાસ્ત્રમાં, વિરુદ્ધ નહિ કોઈ [3]વિધિથકી. ૨૬

રોળા.

અધમ, કાર્ય આરંભ વિઘ્ન ભયથી નહિ કરતા;
પડે વિઘ્ન, આરંભ છોડીને મધ્યમ ફરતા;
ફરી ફરીને વિઘ્ન હજારો હોએ નડતા,
ઉત્તમ જન આરંભ કરી નહિ પાછા પડતા. ૨૭

૧ નવે રસમાં પ્રવીણ.—નર્મકથાકોષ. ૨ કલ્યાણનો માર્ગ.
૩ શાસ્ત્રના નિયમ.

ન્યાયી હિતકર વૃત્તિ; કુપથ મરતાં ન વિચરવું;
વિપત્તિ પડતાં ઉચ્ચ, [1]મહાજનપદ આદરવું;
જાચવો ન દીન મિત્ર; વિનવવો નહિ દુર્જનને;
ખડ્ગધારસમું તીવ્ર, કુણે વ્રત કહ્યું સુજનને ? ૨૮

## માનશૌર્ય પ્રશંસા.

### છપય.

સહે ભૂખનું દુઃખ; પીડા પામે ઘડપણની;
શિથિલ થાય શરીર; દશા આવે સંકટની;
તેજ થાય સૌ નાશ; કદી નિજ પ્રાણજ જાએ;
શું સૂકાયું ઘાસ કેશરી કદાપિ ખાએ ?
અગ્રેસર જેહ મનસ્વીમાં, મદોન્મત્ત કુંજરતણા
[2]કુંભો ચીરીને ભક્ષવા ધારે મન જે ધારણા. ૨૯
ચરબીથી ખરડેલ અને વળી સ્નાયુવાળું,
ગાયતણું હાડકું નાનું, ને માંસ વિનાનું;
મળવાથી સંતોષ શ્વાન તો નિશ્ચય પામે;
પણ તેની નહિ ભૂખ કદાપિ તેથી વામે;
છોડી શિયાળ હાથે ચઢયું, સિંહ હણે હાથી જઈ;
દુઃખે ડૂબ્યા પણ જન ચહે ફૂળ નિજ [3]સત્વસમું સહી. ૩૦

૧ મહાપુરૂષનું પદ. ૨ હાથીના માથાપરના બે ઢેકા. ૩ સામર્થ્યને યોગ્ય.

### રોળા.

પગે પડે વળી નીચો; પૂંછ ચોપાસ ઝુલાવે;
ધરણી ઊપર પડી ઉદર ને મુખ દર્શાવે;
શ્વાન સ્વામીની પાસ રહેછે એવે હાલે;
હાથી ધીરે જોય, ખાય બહુ કાલાવાલે. ૩૧
મુઓ ન જન્મે કોણ, ચક્ર સમ આ સંસારે? (ઈ)
જન્મ્યો તે કહેવાય, જન્મી કુળકીર્તિ વધારે. ૩૨
પુષ્પમંજરી પેર [1]મનસ્વીને ગતિ બે છે;
ચઢે સર્વને શીર, વને વા લય પામે છે. ૩૩
બૃહસ્પતિ ને બીજા પાંચછક ગ્રહો ગણાએ;
ખરો શૂરવીર રાહુ નહિ તે સન્મુખ જાએ;
[2]અસુરપતિ ભાઈ જુઓ, વિના ધડ શીર જેહને;
[3]પર્વણી ઊપર ગળે પ્રકાશિત ચંદ્ર સૂર્યને. (ઉ) ૩૪
એક ફેણપર શેષ [4]ભુવનમંડળને વ્હેછે;
[5]કચ્છપ તેને સદા પીઠ ઊપર રાખેછે;
તેને સાગર રહેજ મધ્ય ભાગે નિજ રાખે;
મહાપુરૂષના અહો! પરાક્રમ પાર ન દાખે. (એ) ૩૫
શું થયું પાંખ કપાત ઇંદ્ર[6]વજ્રને પ્રહારે,
કોપી મૂક્યું જેહ ભભકતું અગ્નિજ્વાળે?
પણ ન ઠીક કીધું અરે! પિતા ડૂબ્યો દુખભારે,
તવ હિમાલય પુત્ર પડ્યો જઇ અર્ણવ[7]વારે. (ઐ) ૩૬

---

૧ ટેકવાળા. ૨ રાહુ. ૩ પૂર્ણિમા કે અમાવાસ્યા. ૪ ચૌદ ભુવન.—નર્મકથાકોષ. ૫ કાચબો—કચ્છપાવતાર. ૬ ઇંદ્રનું હથિયાર. ૭ પાણી.

### ચોપાઈ.

સ્પર્શ થતાં [1]રવિપદનો સ્હેજ, ભભર્કો ઉઠે [2]રવિમણિ નિસ્તેજ;
ત્ત્ર શું માન ખંડે જે અન્ય, સહન કરે તેજસ્વી જંત ? ૩૭

### રોળા.

જે હાથીના શીર ઉપરથી મદજળ ઝરતું,
સિંહતણું હોય બાળ, તથાપિ તેપર પડતું;
તેજસ્વી નરતણો સ્વભાવજ છે એ જાણો;
વય તેજનું મૂળ, નહિ એ વાત પ્રમાણો. ૩૮

---

## ધનપ્રશંસા.

---

સગાં રસાતળ પડો; ગુણ સૌ નીચે તેથી;
પડો પ્હાડથી શીલ; કુલીનતા બળો અગ્નિથી;
[3]શૌર્યશત્રુપર પડો વજ્ર; ધન માત્ર ઇચ્છિયે;
એહ એક વિણ સર્વ ગુણ તૃણ તુલ્ય પ્રીછિયે. ૩૯
ઇંદ્રિયો સૌ તેજ; નહિ નિજ કૃત્યથી ફરતો;
બુદ્ધિમાં નહિ રોધ; વચન પણ એકજ ધરતો;
ધનગરમીથી રહિત એજ પુરૂષ જો થાએ;
તત્ક્ષણ તે બદલાય; ઘણું વિચિત્ર ગણાએ. ૪૦
જે નર પાસે દ્રવ્ય, તેહ કુળવાન મનાએ;
પંડિત, તેમ [4]ગુણજ્ઞ, વળી [5]વેદજ્ઞ ગણાએ;

---

૧ સૂર્યના પગ-કિરણ. ૨ જેના ઉપર સૂર્યના કિરણ પડવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે તે-આગિયો કાચ. ૩ શૌર્ય રૂપી દુશ્મન. ૪ ગુણની બૂજ જાણનાર. ૫ વેદ ભણેલો.

વક્તા ને રૂપવાન લોક એવાને કહેછે;
માણસના ગુણ સર્વ જઈ કાંચનમાં રે'છે. ૪૧

## છપય.

[1]સંગે [2]યતિનો નાશ, ભૂપનો ઊંધી સલાહે,
સુતનો કીધે લાડ, શરમનો નાશ [3]સુરાએ;
કપુતથી કુળનો નાશ, વિપ્રનો વિણ અભ્યાસે;
બેધ્યાને ખેતીનો, શીલનો શઠ સહવાસે;
વળી વિના પ્રીતિ મૈત્રીતણો, પ્રવાસ કરવે પ્રેમનો,
વૈભવનો નાશ અનીતિએ, [4]ત્યાગ [5]પ્રમાદે હેમનો. ૪૨

## રોળા.

દાન, ભોગ, કે નાશ, ગતિ ત્રણ ધનની થાએ;
દાને ભોગે નહિ, ત્રીજે માર્ગે તે જાએ. ૪૩
મણિ સરાણે ચઢ્યો; શરે વીંધ્યો રણજેતા;
હરતાં ક્ષીણ મદ ઝરી; તટે સૂકી શરદ્ સરિતા;
[6]કળામાત્ર જે ચંદ્ર, બાળસ્ત્રી મર્દિત રતિમાં;
[7]સુકુમારતાથી સોહ્ય; ઘસાયા જન ત્યમ ધનીમાં. ૪૪
ભૂખે પડતો પુરૂષ મૂઠી જવ માટે તપે;
પછી થતાં સંપૂર્ણ, પૃથ્વીને તૃણસમ ગણશે;
અસ્થિર ધનીનું દ્રવ્ય, સદા તે વધઘટ પામે;
અવસ્થાથી અલ્પતા મહત્તા વસ્તુની જામે. ૪૫
ધરા રૂપી ધેનુનું દૂધ ઇચ્છો ભૂપાળો;

---

૧ બીજા સાથે સમાગમ. ૨ સઘળી ઇંદ્રિયો વશ કરનાર યોગી. ૩ દારૂ. ૪ ઉડાઉપણું. ૫ બેદરકારી. ૬ બીજનો. નાજુકાઈ.

પ્રથમ તમે આ લોક વત્સ પરમાણે પાળો;
તેને પોષણ પૂર્ણ નિત્ય જો તમથી મળશે,
[1]કલ્પલતા સમ ધરા વિધવિધ ફળ તવ ફળશે. ૪૬
વચન સાચ કે જૂઠ, મધુર કે કઠોર ધરતા,
કૃપાળુ કે ક્રૂર રીત, કૃપણ કે ઉદાર કરતા;
ધનસંચય બહુ કરે; નિત્ય વા બહુ ધન વેરે;
વિધવિધ ધરે સ્વરૂપ ભૂપનીતિ કંચની પેરે. ૪૭

## ચોપાઈ.

કીર્તિ, વિપ્રપાલન, ને [2]આણ, ભોગ, મિત્રરક્ષણ, ને દાન;
એ ખટ ગુણ નહિ જેની પાસ, તે નૃપ આશ્રયથી શી આશ? ૪૮

## રોળા.

લખી [3]લલાટે લક્ષ્મી થોડી કે ઘણી કર્તારે,
મળે રણે પણ પૂર્ણ, મેરૂપર નહિ વધારે;
ધૈર્ય ધરી, ધનીં પાસ [4]વૃથા વદ દીન ન વાણી,
કૂપ અર્ણવે ભરે, ઘડો લે સરખું પાણી. ૪૯
'તું [5]ચાતક આધાર', વાત નથી કોણે જાણી?
શું ઇચ્છે અમ પાસ, મેઘ, તું દીનજ વાણી? ૫૦

---

૧ કલ્પવૃક્ષ—ઇચ્છેલી વસ્તુ પૂરી પાડનાર ઝાડ. ચૌદ રત્નમાંનું એક. ૨ આજ્ઞા—દુવાઇ. ૩ નસીબ. ૪ ફોકટ. ૫ ચાતક પક્ષીથી જમીનપરનું પાણી પીવાતું નથી; પણ વરસાદ આવેછે, ત્યારે એ મોં ઊંચું કરેછે, અને વરસાદનાં જે ટીપાં એનાં મોંમાં પડે છે તે એ પીએછે; એમ લોકોમાં વાત ચાલેછે.

ક્ષણભર, ચાતક મિત્ર, અરે ! મન દઇ તું સાંભળ;
આકાશે ઘન ઘણા; પણ નહિ સરખાં સૌ વાદળ;
મિથ્યા ગર્જે કોક, કોક મહીં સીંચે પાણી;
મળે તેટલા પાસ દીન નહિ વદવી વાણી. ૫૧

## દુર્જનનિંદા.

### ચોપાઈ.

નિર્દયતા; કારણ વિણ ક્લેશ; સુજન સગાંપર ક્ષમા ન લેશ;
પર ધન નારે ઈચ્છા ઘણી; પ્રકૃતિ સિદ્ધ એ દુર્જનતણી. ૫૨

### રોળા.

વિદ્યા ભૂષણ હોય, તથાપિ દુર્જન તજવો;
મણિથી ભૂષિત નાગ ભયંકર કેમ ન ગણવો ? ૫૩

### છપય.

[1]વિનયવાનને મૂઢ, ધર્મીને ઢોંગી ગણે છે,
પવિત્રને શઠ કહે; શૂરને ક્રૂર ભણે છે;
મુનિને કહે મતિહીણ, દીન જો મધુર બોલે;
વક્તાને વાતુડો, પ્રતાપી ગર્વી તોલે;
વળી અશક્ત સંયમીને કહે, દુર્જન દુનિયામાં સહી,
છે બાકી ગુણ ગુણીનો કયો ? દુર્જને ન નિંદ્યો અહીં. ૫૪

1 લાયકી—સારી રીતવાળા.

દુર્ગુણનો શો અર્થ ? લોભ હોએ જો મનમાં;
પાપતણો શો અર્થ ? હોય ઇર્ષ્યા અંતરમાં;
સત્ય હોય અંતરે, આચરે તપ શું થાએ ?
શુદ્ધ હોય જો મંન, તીર્થ તો નિષ્ફળ જાએ;
સજ્જનતા આગળ ગુણ નહિ, ભૂષણ કીર્તિ પાસ ન ટરે;
સદ્વિદ્યાઆગળ 'સ્વજન શું, અપજશ પાસ શું મરણ રે'? ૫૫

## રોળા.

દિવસે ઝાંખો ચંદ્ર, ક્ષીણયૌવન જે નારી,
વિદ્યાહીણ શુભ વદન, સ્વામી મન લોભી ભારી,
તળાવ કમળરહિત, સદા સંકટમાં સજ્જન,
શઠ રાજાને દ્વાર, સાત શૂળ છે એ મુજ મન. ૫૬
અતિશય કોપ્યો [1]ભૂપ સ્વજન કો'ને નહિ માને;
બાળે અડતાં અગ્નિ [2]હવિષ ધરતા હોતાને. ૫૭

## ચોપાઈ.

મૌન ધરે, મૂગો કહેવાય; વદતાં, [3]ચટુડો [4]વતુડો થાય;
કહે વિનયહીન, પાસે રહે; રહે દૂર, તો બીકણ કહે;
ક્ષમા હોય તો શૌર્યવિહીન, ભણે ક્ષમાહીનને અકુલીન;
સેવાની બહુ ઊંડી ગતિ; યોગીનો પણ પ્હોંચે નહિ મતિ. ૫૮
સદ્ગુણનો શત્રુ જે નકી; દૈવથી વૈભવ મળવા થકી,
નીચ કર્મપર વૃત્તિ જેહ, ધામે ધામે વિસ્તારી તેહ;

૧. પોતાના માણસ. ૨ બળિદાન. ૩ મીઠડો-ખુશામતિયો.
૪ વાતુડો.

ફાંસે આપ ફસાય ન જેમ, સૌ શઠને દીપાવે એમ;
એવા નીચને ફાંસે ફસી, કોણ સલામત આવે ખસી? ૫૯
પ્રથમ મોટી પછી નાની થાય, પ્રથમ નાની પછી વધતી જાય,
સવાર સાંજે છાયા જેમ, શઠ સજ્જનની પ્રીતિ એમ. ૬૦
હરિણ, [1]મીન, સજ્જનની સદાય [2]વૃત્તિ તૃણ, જળ, શાંતિ ગણાય.
કારણ વિણ તેના જગ વિષે, [3]વ્યાધ, માછી, શઠ શત્રુ દિસે. ૬૧

## સજ્જનપ્રશંસા.

### છપ્પય.

સુજનમૈત્રી પર મન, પ્રેમ પરગુણ પર દાખે;
ગુરૂ આગળ નમ્રતા, વ્યસન વિદ્યાનું રાખે;
નિજ નારીશું ભોગ; લોક નિંદાથી ડરતા;
મન રાખે વશ માંહ્ય, ભક્તિ જે શિવની કરતા;
વળી શઠ સંસર્ગ ન કદિ કરે;–એ નિર્મળ ગુણ જે ધરે,
(કહે ભર્તૃહરિ) એ પુરૂષને નમન સાધુજન સૌ કરે. ૬૨

### રોળા.

ધરે વિપતમાં ધૈર્ય, સુખમાં ક્ષમા બતાવે;
સભા વિષે [4]વક્તૃતા, શૌર્ય રણમાં દર્શાવે;
રાખે વેદનું વ્યસન, પુર્ણ જશ ઉપર પ્રીતિ;

---

૧ માછલું. ૨ નિર્વાહ કરનારી વસ્તુ–મનોવૃત્તિ. ૩ પારધી, શિકારી. ૪ સરળતાથી અર્થ ભરેલું બોલવાની શક્તિ.

કહી મહાત્મા તણી, એવી સ્વાભાવિક રીતિ. ૬૩
દાન દેવું તે ગુપ્ત; અતિથિ સત્કારજ કરવો;
ખોલવું નહિ પર છિદ્ર; ગર્વ ધનનો નહિ ધરવો;
પરહિત કરી ધર મૌન; કર્યું નિજ હિત કહે સૌને;
ખડ્ગ ધાર સમું તીવ્ર, કુણે વ્રત કહ્યું સુજનને? ૬૪

## ચોપાઈ.

ઉદારતા શોભે કર માંય; શીર વિરાજે ગુરૂના પાય;
મુખમાં સાચી વાણી ધરે; વેદજ્ઞાનને કાને ભરે;
અજીત બાહુમાં વીર્ય અપાર; હૃદય વૃત્તિ રે' નિર્વિકાર;
સ્વભાવ સિદ્ધ મહાત્મા તણાં, વૈભવવિણ પણ ભૂષણ ભણ્યાં. ૬૫

## રોળા.

મહા પુરૂષનું મન કમળસમ કોમળ સુખમાં;
મહા ગિરિના શિલા-[1]પુંજસમ કઠિન દુઃખમાં. ૬૬
નીર નામ નહિ રહે, તપેલે પેણે પડિયું;
મુક્તાકારે સુહે, કમળપત્રે જઇ અડિયું;
સાગર સીપે પડે સ્વાતિમાં, મોતી થાએ; (એ)
ગુણ નીચ, મધ્યમ, શ્રેષ્ઠ, સૌનું મૂળ સંગત માંહે. ૬૭
સદાચારથી પિતા રીઝવે, પુત્ર મનાએ;
ધારે ધણીનું હિત, નકી તે નાર ગણાએ;
મિત્ર તેજ કહેવાય, સમાન રહે સુખ દુખમાં;
માત્ર પુણ્યશાળીને મળે એ ત્રણ આ જગમાં. ૬૮

---

[1] ઢગલો.

### છપય.

જેનું નિંદાતણાં ભર્યું મુખ કઠોર વચને,
ક્ષમા કરી જે દેય શીખ એવા દુર્જનને;
પરઅર્થે મ્હાયત્ન કરી જે સ્વાર્થ સમજતા;
વદી પરાયા ગુણ [1]ખ્યાતિ નિજ ગુણની કરતા;
અદ્ભુત પરાક્રમ જેહનાં; નમ્રતાથી મોટા દિશે;
બહુ માન મળે એ સંતને; પૂજે કોણ ન જગ વિષે? ૬૯

## પરોપકારપ્રશંસા.

### ચોપાઈ.

ફળ આવે નમતાં તરૂ સહુ, નવે જળે [2]ધન નીચા બહુ;
સમૃદ્ધિથી ન ફૂલે સજ્જનો; સ્વભાવ પરમાર્થીતણો. ૭૦
કુંડળથી નહિ, જ્ઞાને કાન; કંકણથી નહિ, દાને [3]પાણ;
ચંદનથી નહિ, ઉપકારથી દેહ દયાળુની શોભતી. ૭૧

### રોળા.

રાખે પાપથી દૂર; આપણું હિત દર્શાવે;
છૂપો રાખે ભેદ; કીર્તિ ગુણતણી કરાવે;
વિપત્તિમાં નહિ તજે; સમય આવે ધન દેછે;
લક્ષણ સન્મિત્રનું સાધુજન એને કહેછે. ૭૨

### ચોપાઈ.

કરે પ્રફુલ્લિત [4]પદ્મો [5]સૂર; ચંદ્ર ખિલાવે [6]પોયણી પૂર;

૧ પ્રખ્યાતિ. ૨ વાદળ. ૩ હાથ. ૪ સૂર્ય ઊગવાથી ખીલતાં કમળ. ૫ સૂર્ય. ૬ ચંદ્ર ઊગવાથી ખીલતાં કમળ.

ધન પણ જળ દે માગ્યા વીણ; સુજન સદા પર હિતમાં [1]લીન. ૭૩

## રોળા.

છોડી સ્વાર્થ પરાર્થ, સુજન હોએ તે સાધે;
મધ્યમ કરે પરાર્થ, સ્વાર્થ નહિ આવે વાંધે;
સ્વાર્થ સારૂ [2]પરહિત હણે, નરરાક્ષસ માનું;
મિથ્યા પરહિત હણે, નામ તેનું નહિ જાણું. ૭૪
દૂધે દીધા ગુણ સર્વ નિજ [3]અંતર્જળમાં;
આપ અગ્નિમાં પડે, જોઇ જળ તાપજ [4]પયમાં;
મિત્રવિપત્તિથી થાય અગ્નિમાં પડવા વિહ્વળ;
સુજન મૈત્રી છે એવી, શાંત થાએ મળતાં જળ.* ૭૫
નારાયણ અહિં રહે, અહિં [5]શત્રુ એના;
[6]વડવાનળ પણ રહે, સાથ સંવર્તક તેના;
વળી શરણે આવેલું રહે પર્વતનું ટોળું;
અહો! શું સાગરશરીર સહનશીલ, સમર્થ બ્હોળું. (ઔ) ૭૬

## છપય.

ધરો ક્ષમા; મદ તજો; મૂળથી તૃષ્ણા છાંડો;
પાપે કરો ન પ્રેમ; જ્ઞાનીની સેવા માંડો;
સત્ય વચન ઉચ્ચરો; [7]સાધુપદવી અનુસરજો;
દો માનજ [8]માન્યને; સ્નેહ શત્રુપર કરજો;

---

૧ મગ્ન–તત્પર. ૨ પારકાનું ભલું. ૩ સાથે મળેલા પાણીમાં. ૪ દૂધ. *ચૂલાપર દૂધ ઊકળવા મૂક્યું હોય તે ઊભરાય ત્યારે પાણી છાંટવાથી પાછું શમી જાયછે, તેની અહિયાં સૂચના કીધી છે. ૫ દૈત્યો. ૬ સમુદ્રને તળિયે રહેલો અગ્નિ. ૭ સાધુ પુરૂષે લીધેલો માર્ગ. ૮ માન આપવા યોગ્ય.

નિજ ગુણ ઢાંકો જશ મેળવો; દયાળુ દુઃખીપર રહો;
સૌ સુજન પુરૂષનો માર્ગ એ (વેદાદિક શાસ્ત્રે કહ્યો). ૭૭

રોળા.

મન, મુખ, કાયા ભર્યાં, જેહનાં પૂણ્ય[૧]સુધાએ;
જે ઉપકાર અસંખ્ય કર્યા રે' ત્રિભુવનમાંહે;
અલ્પ હોય પરગુણ, ગજાવી તે ગિરિ જેવા;
હૃદય ધરે ઉલ્લાસ, સુજન બહુ થોડા એવા. ૭૮
ગણું [૨]હેમગિરિ નહિ, ગણું નહિ [૩]રજતગિરિને;
જાત વૃક્ષની હોય, તેહ રે' ત્યાંજ રહીને;
માત્ર મલયને ગણું, રહી જ્યાં ચંદન થાએ,
કકોડી, લીમડા, કડાનાં વૃક્ષ બધાંએ. (ક). ૭૯

## ધૈર્યપ્રશંસા.

ચોપાઈ.

અમૂલ્ય રત્નથી તૃપ્ત ન રહ્યા; ઉગ્ર વિષે ભયભીત ન થયો;
મૂક્યું સુધાવિણ મથન ન સુરે; કૃત નિશ્ચયથી ધીર ન ફરે. (ખ) ૮૦

રોળા.

ભૂમિ ઉપર કો' દિન, કોઇ દિન સૂએ પલંગે;
[૪]કંથા કો' દિન ધરે, કદી [૫]દિવ્યાંબર અંગે;
ભાજી કો' દિન ખાય, કોઇ દિન કમોદ જમતા;
કાર્ય માટ મ્હાપુરૂષ દુઃખ કે સુખ નહિ ગણતા. ૮૧

૧ અમૃત. ૨ સોનાનો પર્વત—મેરૂ. ૩ રૂપાનો પર્વત—હિમાલય. ૪ યતિનું વસ્ત્ર. ૫ સ્વર્ગનાં—ઘણાંજ ઊંચા પ્રકારનાં લૂગડાં.

### છપ્પય.

[1]શ્રીમત્તાનું ભૂષણ સુજનતા ખરૂં મનાએ;
વિચારી વદવી વાણી, શૂરતાતણું ગણાએ;
વિદ્યાભૂષણ વિનય જ્ઞાનભૂષણ છે શાંતિ;
તપભૂષણ નમ્રતા; ભૂપભૂષણ છે [2]ક્ષાંતિ;
વળી [3]પાત્રદાન ભૂષણ ધને; ભૂષણ સરલતા ધર્મનું;
પણ પરમભૂષણ [4]શીલ સર્વનું, જે ગુણ સર્વનું મૂળ બણ્યું. ૮૨

### રોળા.

નીતિનિપુણ નર જેહ, વખાણે વા ન વખાણે;
આવે ઘર કે જાય લક્ષ્મી અભિલાષ પ્રમાણે;
જીવે અન્ય યુગ સુધી, હોય વા તત્ક્ષણ મરતા;
પગલું પાછું ધીર ન્યાયમાર્ગથી નહિ ભરતા. ૮૩

### છપ્પય.

(ગારૂડી પકડે નાગ) છૂટવાની નહિ આશા;
ભૂખે પીડે [5]પિંડ, પડે ભોજનના સાંસા;
કરંડિયામાં રહી અવયવો પીડા પામે;
ઊંદર રાતે છિદ્ર છેદી, આવે મુખ સામે;
ઝટ તેહ માંસથી તૃપ્ત થઇ, તેજ માર્ગ ફરીી જાયછે;
જૂઓ જન સર્વ કે દૈવથી સુખ દુખ નરને થાયછે. ૮૪

### રોળા.

કરથી પછાડ્યો દડો ઊડે પાછો જ્યમ ઊંચે;
[6]સુવૃત્ત કેરી એમ વિપત્તિ ન સ્થાયિ પહોંચે. ૮૫

---

૧ મોટાઇ. ૨ ક્ષમા. ૩ યોગ્ય–લાયક પુરૂષને દાન. ૪ સુશીલતા.
૫ શરીર. ૬ સદાચારી; સારો ગોળાકાર એવો અર્થ પણ થાયછે.

આળસ રૂપી મહાન્ શત્રુ રે', મનુષ્ય કાયે;
ઉદ્યમ સમ નહિ મિત્ર, કરી કો' નહિ પસ્તાએ. ૮૬
[1]ક્ષીણ શશી ફરી વધે, ખીલે ફરી તરૂ કદિ જો કાપે;
એમ વિચારી ન તપે, સુજન અહિં વિપત્તિતાપે. ૮૭

---

## દૈવપ્રશંસા.

---

### છપય.

આયુધ જેનું વજ્ર; બૃહસ્પતિ ગુરૂ છે જેના;
કિલ્લો જેને સ્વર્ગ; જેહને [2]સુરની સેના;
[3]ઐરાવત છે હાથી; અનુગ્રહ હરિનો જેને;
દીપતો એવો જેહ રાજવૈભવ ને સૈન્યે, (ગ) ૮૭
તે [4]બલહંતા દેવેંદ્ર પણ હાર્યો શત્રુથી રણ વિષે;
ધિક્! ધિક્! નિષ્ફળ [5]પુરૂષાર્થને, દૈવશરણ ઉત્તમ દિશે. ૮૮

### ચોપાઈ.

દૈવાધીન ફળ નરને મળે; બુદ્ધિ દૈવની પૂઠે પળે;
પણ સુજ્ઞે વિચારી પૂર, ઉદ્યમમાં રે'વું ચકચૂર. ૮૯

### રોળા.

તાલિયાનું શીર તપે સૂર્યને તાપે જ્યારે,
તાડ થકે ગણી છાય, જાય વિધિયોગે ત્યારે;

---

૧ વદમાં ક્ષય પામેલો ચંદ્ર. ૨ દેવ. ૩ ઇંદ્રનો ધોળો અને સાત સૂંઢ ને ચાર દાંતવાળો હાથી. એ ચૌદ રત્નમાંનું એક ગણાય છે. ૪ બલદાનવને મારનાર ઇંદ્ર. ૫ પુરુષપ્રયત્ન.

તેનું મોટું ફળ પડી કડાકે મસ્તક ફોડે;
દુર્ભાગી જાય ત્યાં, વિપત્તિ નિશ્ચય દોડે. ૯૦

### ચોપાઇ.

ચંદ્રસૂર્યનો થાએ [1]ગ્રાસ; સાપ હાથી બંધાએ પાશ;
દરિદ્ર જોઉં વળી મતિમાન; દૈવ નિશ્ચય ગણું હું બળવાન. ૯૧
પુરુષરત્ન, સકળ ગુણ ખાણ, સર્જી પૃથ્વીભૂષણ સમાન;
તેને પણ ક્ષણભંગુર કરે, કેવી મૂર્ખતા વિધિની, અરે! ૯૨

### રોળા.

વસંતનો શું દોષ? પત્ર નહિ કેરનાં ડાળે;
સૂર્યતણો શું દોષ? ઘૂડ દિવસે નહિ ભાળે;
મેઘદોષ શું? ધાર નહિ ચાતકમુખ પેશે;
વિધિએ લખ્યું લલાટ શકે કુણ ભૂંસી લેશે? ૯૩

---

## કર્મ પ્રશંસા.

નમે દેવને જંન; દુષ્ટ [2]વિધિને વશ તે છે;
માત્ર કર્મ અનુસાર [3]વંદ્ય વિધિ ફળ સૌ દે છે;
ફળ જવ કર્માધીન, લાભ શો સુરવિધિ સાધે!
નમો કર્મને સહુ, જેથી વિધિ પણ નહિ વાધે. ૯૪
બ્રહ્મા કુંભાર પેર બ્રહ્મ બ્રહ્માંડનાં રાખ્યા;
દશઅવતારી ગહન મહા કષ્ટે હરિ નાખ્યા;
ખોપરી આપી હાથ ભીખ શિવ પાસ મગાવે;

---

૧ ગ્રહણ. પૂરવણી (ગ્ર.) જુઓ. ૨. દૈવ. ૩ નમવા—પૂજવા જોગ.

નમો કર્મને, જેહ સદા રવિ [1]વ્યોમ ભમાવે. (ઘ) ૯૫
ફળ નહિ કુળ શીળથી, નહિ સુંદર કાયાથી,
વિદ્યાથી નહિ, નાહિ પ્રયત્ને સેવ કર્યાથી;
પૂર્વે તપ આચરી, પુણ્યસંચય કરી લાવે,
મનુષ્યને તરૂ પેર ફળે જ્યવ વેળા આવે. ૯૬
વને, રણે, કે જળે, શત્રુ, કે વન્હિ માંહે,
મહા સમુદ્રની માંહ્ય, વળી પર્વતની શિખાએ;
દુઃખી દશામાં હોય, સૂતો કે બેદરકારી,
પૂર્વે કીધાં પુણ્ય થાય છે રક્ષણકારી. ૯૭

## ચોપાઇ.

કરે દુષ્ટને જેહ પવિત્ર; સુજ્ઞ મુર્ખને; અરિને મિત્ર;
પરોક્ષને પ્રત્યક્ષજ ધરે; હાલાહલને અમૃત કરે;
પૂજો એ દેવી [2]સત્કૃતિ, હોય વાંછ્યું ફળ મળવા મતિ;
યત્ન અન્ય ગુણ માટે લઈ, મિથ્યા વાંછા કરવી નહિ. ૯૮

## રોળા.

ગુણિયલ કે ગુણરહિત કાર્ય આરંભે ત્યારે,
પ્રથમ તેનું પરિણામ વિચારવું સુજ્ઞે વારે;
અતિ ઉતાવળે કર્યાં કાર્યનાં ફળ જે ફાલે,
શળી સમાં થઇ પડે, મરણ સૂધી હૃદય પ્રજાળે. ૯૯

## ચોપાઈ.

[3]મણિમય પાત્રે પકવે ખોળ, ચંદનાદિ મૂકી કાષ્ઠ અમૂલ્ય;
વસુધા સુવર્ણને હળફળે, [4]અર્કમૂળ માટે તે ખણે;

[1] આકાશ. [2] સત્કર્મ–સદાચાર. [3] રત્નનું બનેલું. [4] આકડાનું મૂળ.

વાઢી ઘટા [1]કર્પૂરની ઘાડ, કોદ્રા ફરતી બાંધે વાડ;
આવી [2]કર્મભૂમિમાં અહીં, અભાગી જે તપ તપતા નહિ. ૧૦૦

રોળા.

મેરૂ શિખરપર ચઢે; પડે જઇ અર્ણવવારે;
ખગવત ગગન વિશાળ ઉડે કરી પ્રયત્ન ભારે;
યુદ્ધે અરિને જીતે; સકળ વિદ્યા આરાધે;
સકળ કળા, વ્યાપાર, કૃષિ સેવાદિક સાધે;
પણ ભાગ્યાધીન સર્વ અભાવી ભાવી ન થાએ;
ભાગ્ય વિષે જે લખ્યું, કેમ તે મિથ્યા જાએ? ૧૦૧

ચોપાઈ.

થાય ઘોર વન ઉત્તમ પુરી, સકળ પૃથ્વી શુભ [3]મણિનિધિભરી,
જન સર્વે દાખે સૌજન્ય, પૂર્વ સુકૃત જો નરનાં મહાન. ૧૦૨

## છૂટક શ્લોક.

ગુણીસમાગમ લાભ ગણાય; મૂર્ખસંગતિ દુઃખ ભણાય;
સમય જાય તે મ્હા નુકસાન; ધર્મ તત્ત્વપર પ્રીતિ જ્ઞાન;
જીતે ઇંદ્રી તે શૂરો ગણો; પતિવ્રતાને પત્ની ભણો;
વિદ્યા ધન; સુખ વાસ સ્વદેશ, આણ મનાય, ગણાય નરેશ. ૧૦૩

૧ એક જાતનું ઝાડ. ૨ પૃથ્વી–જીવલોક. પૃથ્વીપર જન્મી માણસ જે સારાં માઠાં કર્મ કરેછે, તેનાં ફળ બીજે જન્મે ભોગવેછે; અને એ કર્મ જો ઘણાંજ ઉત્તમ પ્રકારનાં હોય, તો મોક્ષ મળેછે, એવો હિંદુશાસ્ત્રનો મત છે. તેથી પૃથ્વીને કર્મભૂમિ કહી છે. ૩ મણિના ભંડારથી ભરપૂર.

## રોળા.

માલતી પુષ્પ સમાન મનસ્વીને ગતિ બે છે;
ચઢે સર્વને શીર, વને વા લય પામે છે.
સંતોષી જે સદા રહેછે નિજ દારાથી;
દૂર રહે હંમેશ પારકી જે નિંદાથી;
મીઠી વાણે ભરપૂર, નહિ કડવી મુખમાંહે;
વસુધાભૂષણ એહ કોક વિરલા દેખાએ. ૧૦૫

## ચોપાઈ.

[1]ધીરપ્રકૃતિ નરની ધીરતા, ડગે ડગાવી ન, વિઘ્નો છતાં;
અગ્નિ ઊંધો વાળ્યો તોય, જ્યોત કદાપિ ન નીચી હોય. ૧૦૬

## રોળા.

નયન બાણ નારીના જેહનું મન નહિ છેદે;
ક્રોધાગ્નિની ઝાળ ચિત્તમાં કદિ નહિ ભેદે;
વિષય અનેક ન અડે લોભની જાળ પ્રસારી;
જય પામે એ ધીર સકળ ત્રિભુવનપર ભારી. ૧૦૭
કિરણોથી ભેદે ધરા સૂર્ય તેજસ્વી પૂરો;
કરે એમ ભૂ હાથ એક તેજસ્વી શૂરો. ૧૦૮
જળ સમ વન્હિ ગણે; ઝરણ સમ અર્ણવ જાણે;
મૃગ સમ માને સિંહ; [2]શિલા સમ મેરૂ માને;
ગણે હાર સમ સર્પ, સુધા સમ વિષનું પ્યાલું;
હૃદય ખીલે જો શીલ, સર્વ જનને જે વ્હાલું. ૧૦૯

---

૧ ગંભીર–શાંત સ્વભાવના. ૨ પત્થર.

### છપ્પય.

સત્ય તણું વ્રત "સદા જેહ તેજસ્વી પાળે,
પલક માંહ્ય તે પુરૂષ પ્રાણ પોતાના ગાળે;
પણ તોડે નહિ કદી [1]પ્રતિજ્ઞા તે જે કરતા;
નિજ જનની સમ ગણી નિત્ય તેને અનુસરતા;
લજ્જા આદિક ગુણ જેહમાં સદાકાળ વાસો વસે,
વળી અંતઃકરણે જેહથી પવિત્રતા પૂરણ ઠસે. ૧૧૦

# પૂરવણી

(અ) ભગીરથ રાજાના પૂર્વજોનો ઉદ્ધાર કરવાને ગંગા બ્રહ્મલોકમાંથી પાતાળમાં ગઈ, ત્યારે પોતાનો વેગ નરમ પાડવાને પ્રથમ શિવની જટામાં પડી, ત્યાંથી પર્વત ઉપર ઊતરી, અને પછી પૃથ્વીપર થઈ સમુદ્રમાં ઊતરી પાતાળમાં ગઇ. વધારે બ્યાંન માટે નર્મ કથાકોષ જૂઓ. ગંગા નદી સમુદ્રને મળેછે ત્યાં એના ઘણાં મુખ છે.

(આ) દેવલોકના માનસ સરોવર આગળ વાડીઓમાં હંસ રહેછે. એમ કહેવાયછે કે જો દૂધ ને પાણી ભેગાં કીધાં હોય, તો હંસ તેમાંનું સઘળું દૂધ પી જાય, અને નીતરૂં પાણી અનામત રહે.

(ઈ) હિંદુશાસ્ત્ર પ્રમાણે જીવનો જ્યાં સૂધી મોક્ષ થતો નથી, ત્યાં સૂધી તે પોતાના કર્મો પ્રમાણે ફરી ફરીને અવતાર લેયા કરેછે, પછી માણસમાં કે ગમે તે બીજા પ્રાણીમાં. તેથી ગાડીના પૈડાંના આરા ઉપર આવેછે ને નીચે જાયછે, તેમ જીવ જૂદે જૂદે રૂપે જન્મેછે અને મરણ પામેછે.

(ઉ) વિષ્ણુએ સમુદ્રમંથન કીધું, ત્યારે રાહુએ દેવોની માંહ્ય ભરાઈને અમૃત પીધું. પણ સૂર્યે અને ચંદ્રે એને જોયો, તેથી બતાવી દીધો; ને વિષ્ણુએ એનું ડોકું ઊડાવી દીધું. પણ અમૃતથી એ અમર થયો હતો, તેથી એ મરી ગયો નહિ. તે દિવસનું વેર રાખી ચંદ્ર અને સૂર્યને ગળી જવાને તેમની પછવાડી

---

૧. વચન-કોલ.

ભમ્યા કરેછે. પૂર્ણિમા અને અમાવાસ્યાએ તે એના હાથમાં આવે છે; પણ એને ધડ ન હોવાને લીધે તે ગળામાં થઇને પાછા નીકળી જાયછે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે ચંદ્રપર પૃથ્વીની, ને સૂર્યપર ચંદ્રની છાયા પડવાથી ગ્રહણ થાયછે.

( એ ) પાતાળમાં શેષનાગ છે તેને હજાર મોં, હજાર ફેણ, અને બે હજાર જીભ છે. તે પોતાની એક ફેણપર જગતને ટેકવી રાખેછે. વળી કચ્છાવતારમાં વિષ્ણુએ કાચબાનું સ્વરૂપ ધરી સમુદ્રમંથન વખતે પોતાની પીઠ ઉપર મંદ્ર પર્વત રાખ્યો હતો. એવી બે જૂદી જૂદી કથા છે. પણ સમુદ્રમાં કાચબો, તેના ઉપર શેષ, અને તેના ઉપર જગત્, એમ કોઈ ઠેકાણે હોય એમ જાણવામાં નથી. કવિએ આ બે વાતને ભેગી કરી નાખી હશે.

( ઐ ) પૂર્વે પર્વતોને પાંખ હતી, તેથી સ્વર્ગ, પૃથ્વી, પાતાળ, વગેરે જ્યાં ચહાતા ત્યાં ઊડતા ઊડતા ચાલ્યા જતા; અને એના સ્થૂળ શરીરને લીધે બહુ ઉપદ્રવ થતો. એક વખતે ઇંદ્ર એમના ઉપર કોપ્યો; અને તેણે યુદ્ધમાં સઘળા પર્વતોની પાંખ કાપી નાખી. એ વખતે હિમાલયનો પુત્ર મૈનાક નાસીને આશ્રયને માટે સમુદ્રમાં પડ્યો.

( ઓ ) હજી પણ આપણા લોકમાં એવી વાત ચાલે છે કે માણેકઠારીને દિવસે સમુદ્રમાં છીપો પોતાનાં મોં ઊઘાડાં કરી રાખેછે; અને તે દિવસે જે વરસાદનાં ટીપાં તેમાં પડેછે તે મોતી થઈ જાયછે. માણેકઠારી ઉપર સૂર્ય સ્વાતિ નક્ષત્રમાં હોયછે.

( ઔ ) (૧) નારાયણ સમુદ્રમાં શેષ નાગના ઉપર હંમેશ શયન કરેછે. (૨) કચ્છાવતારમાં અમૃતને વાસ્તે દેવ અ-

ને અસુર વચ્ચે યુદ્ધ થયું, તેમાં હાર્યા પછી અસુરોએ સમુદ્રમાં પડી પાતાળમાં આશ્રય લીધો, અને ત્યાં વસ્યા એ અસુર નારાયણ ( વિષ્ણુ ) અને દેવોના શત્રુ. ( ૩ ) જેમ પર્વતની અંદર ગુપ્ત અગ્નિ છે, તેમ સમુદ્રના ભોંયતળિયા અંદર ગુપ્ત અગ્નિ રહેછે; અને તેનેજ લીધે સમુદ્રમાં કેટલેક ઠેકાણે પાણી હંમેશ ઊનાં રહેછે. એ અગ્નિને વડવાનળ કહેછે. ( ૪ ) અહિંયાં પર્વતનું ટોળું છે; પણ એક મૈનાક પર્વતેજ સમુદ્રમાં આશ્રય લીધો, એમ આગળ ૩૬મા શ્લોકમાં અને રામાયણમાં કહ્યું છે. ( ૫ ) સંવર્તક—કલ્પની આખરે દુનિયાનો નાશ કરનાર અગ્નિ.

( ક ) હેમગિરિ ( સોનાનો પર્વત )—મેરૂ. એ બ્રહ્મા, વગેરે સર્વે દેવોનું સ્થાનક અને સોના ને રત્નથી ભરપૂર છે. એની આકૃતિ વિષે જૂદા જૂદા મત છે. પણ સઘળે ઠેકાણે એમ કહેવામાં આવેછે કે એ નીચેથી સાંકડો, ને જેમ જેમ ઊંચો જાયછે તેમ તેમ પહોળો થતો જાયછે. ટિબેટ ને તાતારની ઊંચી જમીન તે મેરૂ. રજતગિરિ (રૂપાનો પર્વત)–હિમાલય. એના ઉપર હંમેશ બરફ રહેવાને લીધે એ સફેદ રહેછે; તેથી એને રૂપાનો પર્વત કહ્યો છે. મલય પર્વત ઉપર સૌથી સરસ ચંદનનાં ઝાડ થાય છે. ત્યાં સઘળાંજ ચંદન ( સૂખડ )નાં ઝાડ છે, એમ કથા છે. મલબાર આગળ જે ઘાટનો ભાગ છે તે મલય.

( ખ ) કચ્છાવતારમાં સમુદ્રમંથન કીધું, તે વખતે ચૌદ રત્ન નીકળ્યાં; તેમાં પાંચમું કૌસ્તુભમણિ, બારમું વિષ, અને ચૌદમું એટલે છેલ્લું અમૃત. દેવોનો પ્રયત્ન તો પ્રથમથીજ અમૃતને માટે હતો.

(ગ) બલ. વૃત્ર, બલ, વગેરે અસુર ઇંદ્રના કટ્ટા દુશ્મન.

(ઘ) પ્રથમ સઘળું પાણી હતું. તેમાંથી એક ઈંડાના આકારનો ગોળો ઉત્પન્ન થયો. તેમાં બ્રહ્મા રૂપે નારાયણ દેખાયા, ને સઘળી સૃષ્ટિ ઉત્પન્ન કીધી. જેમ કુંભાર હાંલ્લાં ઘડેછે, તેમ બ્રહ્મા દેવ, દૈત્ય, માણસ, વગેરેને ઉત્પન્ન કરેછે. તેથી એને કુંભારની ઉપમા આપી છે. વિષ્ણુને મત્સ્ય, કચ્છ, વગેરે દશ અવતાર લઇને મનુષ્ય લોકના સઘળાં દુઃખ ખમવાં પડ્યાં છે. શિવને શરીરે રાખ, ડોકમાં માણસની ખોપરીની માળા, વસ્ત્રને ઠેકાણે વાઘનું ચામડું, ઘરેણાંને ઠેકાણે સાપ, માથે જટા, ને હાથમાં ખાવાને માટે ખોપરી હોય છે. શિવનું આ ભયંકર સ્વરૂપ રૂદ્રને નામે ઓળખાય છે.

સમાપ્ત.